# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

## <u>જાહેરાત ક્રમાંકઃ ૨૧૨/૨૦૨૩૨૪</u>

## જાહેરાત ક્રમાંકઃ ૨૧૨/૨૦૨૩૨૪ ગુજરાત ગૌણ સેવા, વર્ગ-૩ (ગ્રુપ-A તથા ગ્રુપ-B ) ની સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષાની લેખિત પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ કરવા અંગેની અગત્યની જાહેરાત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવનાર ગુજરાત ગૌણ સેવા, વર્ગ-૩ ( ગ્રુપ-A તથા ગ્રુપ-B)ની સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષા (Gujarat Subordinate Services Class-III (Group-A and Group-B) Combined Competitive Examination) માટે MCQ પ્રકારની CBRT (Computer Based Recruitment Test)ના કોલલેટર ડાઉનલોડ કરવા માટે નીચેની વિગતે ઉલ્લેખિત તારીખ અને સમય દરમિયાન https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી પ્રવેશપત્ર (કોલલેટર) તેમજ ઉમેદવારો માટેની સૂચનાઓ ડાઉનલોડ કરી શકાશે.

ઉમેદવારો આ પરીક્ષાના કોલ લેટર **<u>તા. ૨૭/03/૨૦૨૪ના રોજ ૧૪:00 કલાકથી ૩૧/03/૨૦૨૪ના રાત્રીના ૨૩:૫૯ કલાક સુધી</u>** ડાઉનલોડ કરી શકશે. તા. ૩૧/03/૨૦૨૪ રાત્રીના ૨૩:૫૯ કલાક પછી કોલલેટર ડાઉનલોડ કરવાની લિંક આપોઆપ બંધ થઈ જશે. જેથી ઉકત પરીક્ષા માટેના કોલ લેટર નિયત સમયમર્યાદામાં ડાઉનલોડ કરી લેવા સંબંધિત ઉમેદવારોને આથી જણાવવામાં આવે છે.

ઉમેદવારોએ MCQ પ્રકારની CBRT (Computer Based Recruitment Test) માટેના કોલ લેટર તથા તે સાથેની જરૂરી સૂચનાઓ સહિત ઉપર દર્શાવેલ સમયગાળા દરમ્યાન https://ojas.gujarat.gov.in વેબસાઇટ પરથી અચૂક ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ નકલ કાઢી લેવાની રહેશે. **<u>કોલલેટરની પ્રિન્ટ નકલ વગર ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.</u>**

પ્રવેશપત્ર "Online" ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ પ્રથમ કોમ્પ્યુટરમાં (૧) https://ojas.gujarat.gov.in વેબ સાઈટ પર જવું. (૨) MCQ-CBRT પદ્ધતિની પરીક્ષા માટેના ઉમેદવારોએ Call Letter પર Click કરવું. (૩) ત્યારબાદ "Primary Exam Call Letter" પર "Click" કરીને Select Job ના બોક્ષમાંથી આપ જે જાહેરાતનો કોલલેટર ડાઉનલોડ કરવા માંગતા હોય તે જાહેરાત Select કરીને નિયત બોક્ષમાં "Confirmation Number" તથા "Birth Date" ટાઇપ કરીને Print Call Letter પર "Click" કરવાથી અલગ Window માં આપનો Call Letter (પ્રવેશપત્ર) સ્ક્રીન પર દેખાશે. જે Call Letter તથા તે સાથેની સૂચનાઓની પ્રીન્ટ મેળવી લેવાની રહેશે. (કોલ લેટર નવી વિન્ડોમાં ખોલવા માટે Pop up Blocker Off કરવું જરૂરી છે).

ઉમેદવારોએ ડાઉનલોડ કરેલ Call Letter તથા સૂચનાઓની વિગતો કે જે CBRT પરીક્ષા માટે ખૂબ જ ઉપયોગી હોઇ તે અચૂક ધ્યાનપૂર્વક વાંચવા સલાહ આપવામાં આવે છે. ઓનલાઇન કોલલેટર ડાઉનલોડ કરવા સંદર્ભે કોઇ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે મંડળના હેલ્પલાઇન ફોન નં. <u>0૭૯-૨૩૨૫૮૯૧૬</u> પર કચેરી સમય દરમ્યાન સંપર્ક કરી શકાશે.

સ્થળઃ ગાંધીનગર.
તારીખઃ ૧૬/03/૨૦૨૪

હસમુખ પટેલ
સચિવ